**માનનીય અધ્યક્ષશ્રી,**

આજરોજ વસંતપંચમી અને સરસ્વતી પૂજનના આ પવિત્ર દિવસે મારા હસ્તકના **જળસંપતિ વિભાગ, પાણી પુરવઠા વિભાગ તેમજ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાની બાબતો**ના વિભાગોની માંગણીઓ આ ગૃહ સમક્ષ રજુ કરતા હર્ષની લાગણી અનુભવું છું.

સૌ પ્રથમ તો હું માન. નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ વર્ષ.૨૦૨૪-૨૫નું સર્વ સમાવેશી અને **૨૦૪૭ના વિકસિત ગુજરાત** તરફ દોરી જનારું આ અમૃતકાળનું અમૃત સમાન, અંદાજપત્ર લઈને આવ્યા છે. તેને હું આવકારું છું અને સાથોસાથ આદરણીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો પણ આભાર વ્યક્ત કરું છું, અમારા વિભાગો માટે તેઓએ માંગ્યા મુજબની **માતબર રકમ**ની ફાળવણી કરી છે.

આપણા યશસ્વી વડાપ્રધાન, શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્યના, મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગુજરાતને તેમના કાર્યકાળ દરમ્યાન **"ભારતની સમૃદ્ધિ અર્થે ગુજરાતની સમૃદ્ધિ"**નો માર્ગ કંડારવાની દુરંદેશી સાથે, મજબુત કદમો લેવાઈ રહ્યા છે. આપણું ગરવું ગુજરાત વર્ષ-૨૦૨૩માં G-20 નું સફળ આયોજન, **વાયબ્રન્ટ ગુજરાતના વીસ વર્ષની ઉજવણી, સી.એમ. સ્વાગત કાર્યક્રમની વીસ વર્ષની ઉજવણી, મારી માટી-મારો દેશ, તેમજ વિકસિત ભારત સંકલ્પ યાત્રા** દ્વારા જન-જનની સુખાકારી, સુરત ડાયમંડ બુર્સનું ઉદ્દઘાટન જેવા, અનેક સીમાચિન્હરૂપી કાર્યક્રમોનું સાક્ષી બન્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ચાલુ વર્ષે **સેમી કંડકટર**, **ગ્રીન હાઇડ્રોજન**, **બિન પરંપરાગત ઉર્જા**, જળ સંચયથી **પાણી મુદ્દે આત્મનિર્ભરતા** જેવા, વિષયો સાથે **ગેટ વે ટુ ધ ફ્યુચર**ની થીમ સાથે, અમૃત કાળની પહેલી **વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ**ની સફળતાના, પણ આપણે સૌ સાક્ષી બન્યા છીએ. માન. વડાપ્રધાનશ્રીએ આપણને સૌને અમૃત મંત્ર આપ્યો કે **"તમારા સપના એ જ મારો સંકલ્પ, જેટલા તમારા સપના મોટા હશે, એટલો જ મારો સંકલ્પ મજબુત હશે. "**

ચાલો, મોદી સાહેબની આ ગેરંટી સાથે **આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત** અને **વિકસિત ગુજરાતથી વિકસિત ભારત**ની આ સંકલ્પ યાત્રામાં આ અંદાજપત્ર થકી આપણે સૌ સામેલ થઈએ.

# જળસંપત્તિ પ્રભાગની સને ૨૦૨૪-૨૫ ના વર્ષની માંગણી પરની ચર્ચા દરમ્યાન માનનીય મંત્રીશ્રી (જળસંપત્તિ)નું બજેટ પ્રવચનના મુદ્દાઓ

**માનનીય અધ્યક્ષશ્રી,**

વર્ષ ૨૦૨૪–૨૫ની વિભાગની માંગણી ક્રમાંક ૬૬ હેઠળ સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ માટે **મહેસૂલી ખર્ચ** રૂપિયા **૧૮૮૭ કરોડ** અને **મૂડી ખર્ચ માટે** રૂપિયા **૯૬૪૬** કરોડની વિગતો સન્માનનીય ગૃહ સમક્ષ રજુ કરતાં મને આનંદ થાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

જળસંપત્તિ વિભાગ દ્વારા, સિંચાઈ યોજનાઓની મરામત અને જાળવણી કરવી, તેમજ તેની કાર્યક્ષમતામાં વધારો કરવો, નવી માળખાકીય સુવિધા ઉભી કરવી, નવી સિંચાઈ યોજનાઓ/જળસંગ્રહ માટેના સ્ટ્રક્ચરો બનાવી, સિંચાઈથી વંચિત વિસ્તારોમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવી, ક્ષાર પ્રવેશ નિયંત્રણ, તેમજ ભૂગર્ભજળની પરિસ્થિતિમાં સુધારો કરવા, જેવા બહુહેતુક કાર્યો હાથ ધરવામાં આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી, વિસ્તાર પ્રમાણે સિંચાઈની વિગત રજૂ કરું તો...**

**૧) કચ્છ વિસ્તારની વાત કરું તો,**

- કચ્છ વિસ્તારમાં નર્મદાના પૂરના વધારાના પાણી પૈકી ૧ મીલીયન એકર ફીટ પાણીનું વિતરણ કરવા માટે, પ્રથમ તબક્કે ૩ (ત્રણ) પાઈપલાઈન યોજનાના કામો **રૂ.૪૧૧૮ કરોડ** ના ખર્ચે પ્રગતિ હેઠળ છે, અને આ ત્રણેય લીંકોથી, કુલ મળીને **૩૮ (આડત્રીસ)** જેટલી સિંચાઇ યોજનાઓમાં નર્મદાનું પુરનુ વધારાનું પાણી પહોંચાડાશે અને **૭૭** ગામના **૧,૦૪,૨૧૬** જેટલા હેકટર વિસ્તારને સિંચાઇના લાભ મળશે તેમજ પાણીની અછત ધરાવતા રાપર, અંજાર, મુન્દ્રા, ભુજ, માંડવી અને નખત્રાણા તાલુકાને લાભ મળશે.

- બીજા તબક્કામાં અંદાજીત કિંમત **રૂા.૨૨૫૫ કરોડ** ની **૨ (બે)** પાઈપલાઈનના કામો આયોજનમાં લીધેલ છે. તેનાથી કુલ મળીને **૪૧ જેટલી** સિંચાઇ યોજનાઓમાં નર્મદાનું પુરનુ વધારાનું પાણી પહોંચાડાશે અને **૫૩** ગામના **૬૮,૧૯૫ જેટલા હેકટર** વિસ્તારને સિંચાઇના લાભ મળશે તેમજ પાણીની અછત ધરાવતા માંડવી, લખપત, અબડાસા અને નખત્રાણા તાલુકાને લાભ મળશે. આ કામો માટે બજેટમાં **રૂ.૨૭૦૦ કરોડની** જોગવાઇ કરવામાં આવેલ છે.
- કચ્છમાં મોટા ચેકડેમો, તળાવો વગેરે જળસંગ્રહના કામો માટે **રૂ.૪૫ કરોડ** ની જોગવાઈ
- અટલ ભૂજલ યોજના દ્વારા પાણી રીચાર્જ, ડ્રીપ ઈરીગેશન, તલાવડી જેવા કામો.

## ૨) ઉત્તર ગુજરાતની વાત કરું તો,

- પ્રગતિ હેઠળની અંદાજિત **રૂ.૧૫૬૬ કરોડ** ની કસરા થી દાંતીવાડા પાઈપલાઈન માટે **રૂ.૩૦૦ કરોડ** ની જોગવાઈ, જેનાથી પાટણ અને બનાસકાંઠા જિલ્લાને પૂરક સિંચાઇનો લાભ મળશે.
- પ્રગતિ હેઠળની અંદાજિત **રૂ.૧૯૨ કરોડ** ની ડીંડરોલ થી મુકતેશ્વર પાઇપલાઇન માટે **રૂ.૬૦ કરોડ** ની જોગવાઈ, જેનાથી પાટણ અને બનાસકાંઠા જિલ્લાને પૂરક સિંચાઇનો લાભ મળશે.

- બનાસકાંઠાના વડગામ તાલુકાના કરમાવત તળાવને પાઇપલાઇનથી જોડાણ માટે **રૂ.૨૫૦ કરોડ** ની જોગવાઈ.
- ઉત્તર ગુજરાત વિસ્તારના નર્મદાના પાણીના લાભથી વંચિત **રહેલ બનાસકાંઠા જીલ્લાના થરાદ, ધાનેરા, ડીસા, દિયોદર, લાખણી અને કાંકરેજ** તાલુકાઓના ગામો માટે નવીન **૦૨ (બે)** પાઈપલાઈન યોજનાઓની કામગીરી માટે **રૂ.૧૬૦ કરોડ** ની જોગવાઈ, આ યોજનાઓ થકી **૧૫૦૦૦** હેક્ટર કરતાં વધુ વિસ્તારને સિંચાઈનો **પ્રત્યક્ષ/પરોક્ષ** લાભ થશે.
- મહેસાણા જીલ્લાના ખેરાલુ અને સતલાસણા તાલુકાના તળાવોને ભરવા માટેની પાઇપલાઇનની કામગીરી માટે **રૂ.૧૫૦ કરોડ** ની જોગવાઈ
- **મેશ્વો, ખારી, પુષ્પાવતી અને રૂપેણ નદીઓ** પર સીરીઝ ઓફ ચેકડેમ માટે **રૂ.૫૫ કરોડ**ની જોગવાઈ, જેનાથી ગાંધીનગર, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જીલ્લાને પૂરક સિંચાઇનો લાભ મળશે.
- બનાસકાંઠા જીલ્લામાં બાલારામ થી મલાણા સુધીની પાઈપલાઈનની કામગીરી માટે **રૂ.૫૦ કરોડ**ની જોગવાઈ
- **સાબરમતી નદી** ઉપર **સીરીઝ ઓફ બૅરેજની** કામગીરી અંતર્ગત ગાંધીનગર જીલ્લાના **આંબોડ** ખાતે બૅરેજ બનાવવાની કામગીરી માટે **રૂ. ૮૨ કરોડ,** અને મહેસાણા જીલ્લાના **ફતેપુરા** ખાતે બૅરેજ બનાવવાની કામગીરી માટે **રૂ.૭૦ કરોડ**ની જોગવાઈ, તથા મહેસાણા જીલ્લાના હીરપુરા ખાતે બૅરેજની પ્રગતિ હેઠળની કામગીરી માટે **રૂ.૧૭ કરોડ** જોગવાઈ, જેનાથી મહેસાણા, ગાંધીનગર અને સાબરકાંઠા જીલ્લાને પુરક સિંચાઈનો લાભ થશે.

- **ધરોઇ બંધ** પરિક્ષેત્રને વિશ્વ કક્ષાના પ્રવાસી અને યાત્રાધામ તરીકે વિકસાવવાની કામગીરી માટે **રૂ.૪૮૦ કરોડ** ની જોગવાઇ
- ગાંધીનગર **ગીફ્ટ સીટી** નજીક સાબરમતી નદીના કાંઠાના **પ્રોટેકશન અને રીવરફ્રન્ટ ડેવલપમેન્ટની** કામગીરી માટે **રૂ.૨૩૦ કરોડ** ની જોગવાઈ.
- ખારીકટ કેનાલને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બોક્ષમાં ફેરવવાની પ્રગતિ હેઠળની કામગીરી માટે **રૂ.૧૧૦ કરોડ**ની જોગવાઈ.
- ભાલ વિસ્તારમાં પાણી નિકાલના/રિચાર્જ સ્ટ્રક્ચરના કામો.

## ૩) <u>સૌરાષ્ટ્ર વિસ્તાર</u> :

- દુષ્કાળગ્રસ્ત ગણાતા સૌરાષ્ટ્રના વિસ્તાર કે જ્યાં એક સમયે ટ્રેનો/ટેન્કર મારફત પીવાનું પાણી આપવામાં આવતું હતું અને સિંચાઇ માટે તો પાણી એક **<u>સપનું</u>** હતું ત્યાં સૌની યોજના **આશીર્વાદ** બનીને આવી છે.
- હાલ સૌની યોજના પૂર્ણતાના આરે છે. **સૌની યોજનાની** કુલ **૧૩૭૧ કિ.મી લંબાઈ** પૈકી આશરે **૧૨૯૮ કિ.મી પાઈપલાઈનના** કામો પૂર્ણ થયેલ છે. પૂર્ણ થયેલ કામગીરીથી <u>**૮૫** જળાશયો, **૧૭૦** કરતાં વધુ તળાવો</u>, અને **૧૩૧૯** કરતાં વધુ **<u>ચેકડેમોમાં</u>** આશરે **૭૭,૪૩૦ મિલિયન ઘનફૂટ** નર્મદાના પાણી ભરવામાં આવેલ છે.

- **રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, મોરબી, જામનગર, ભાવનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાઓ** અને તેના શહેરોને પીવાના પાણીનો ફાયદો થયેલ છે અને આશરે **૬(છ) લાખ એકર** કરતાં વધુ વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ થયેલ છે. સૌની યોજનામાં બાકી રહી ગયેલા વિસ્તારો માટે પણ રાજ્ય સરકારે ચિંતા કરી છે. આગામી વર્ષ માટે સૌની યોજના હેઠળ નીચે મુજબના કામો હાથ ધરવા આયોજન કરવામાં આવેલ છે.
- **સૌની યોજના લિંક–૧, ૨, ૩ અને ૪** ની પાઇપલાઇનના સ્કાવર વાલ્વથી ત્રણ કિ.મી.નીમર્યાદામાં આવતા ગામોના ચેકડેમ/તળાવ સાંકળવાનું કામ
- **સુરેન્દ્રનગર જીલ્લાના** નર્મદા કમાન્ડથી વંચિત **ધ્રાંગધ્રા, વઢવાણ તથા મુળી** તાલુકાના **૪૪** ગામના તળાવ/સીમતળાવ/ચેકડેમને નર્મદા આધારીત પાણીનો લાભ આપવાનું કામ
- **અમરેલી જીલ્લાના ગારીયાધાર, લાઠી, બાબરા** તાલુકાના અંદાજીત **૨૫ ગામોને** પાણી પૂરું પાડવું
- **હળવદ તાલુકાના** વિવિધ **૧૧ ગામોને** નર્મદાના પાણી સાથે જોડવા માટે પાઇપલાઇનનું કામ
- **મોરબી જીલ્લાના** વાંકાનેર તાલુકાના વિવિધ **૨૮ ગામો**ને નર્મદાના પાણી સાથે જોડવા માટે પાઇપલાઇનનું કામ.
- **સાયલા, વઢવાણ અને મૂળી તાલુકાના** વિવિધ **૩૮ ગામો**ને નર્મદાના પાણીથી જોડવા માટે પાઇપલાઇનનું કામ.

- **મચ્છુ–૧ ડેમ** પાસેની પમ્પીંગ સ્ટેશન દ્વારા **રાજકોટ, ચોટીલા અને વાંકાનેર** તાલુકાના વિવિધ ગામોના કુલ મળીને **૨૬** વિવિધ જળસ્ત્રોતને **સૌની યોજના લીંક–૩** સાથે જોડવા માટે પાઈપલાઈનનું કામ
- **રાજકોટ, જસદણ અને કોટડા સાંગાણી** તાલુકાના વિવિધ **૩૭ ગામોને** ત્રંબા પાસે **L-3 નર્મદાના પાણી**થી જોડવા માટે પાઇપલાઇનનું કામ
- **જસદણ** તાલુકાના વિવિધ **૧૪ ગામોને** જોડવા માટે પાઈપલાનઈનનું કામ.

**આ તમામ કામો માટે સૌની યોજના હેઠળ રૂ.૪૩૨ કરોડની જોગવાઈ કરેલ છે**

- **ગીર સોમનાથ જીલ્લામાં** દરિયા કાંઠાના **અમરાપુર, સવની, સણોસરી, ધોકડવા અને અંબાડા ગામ** પાસે **સીરીઝ ઓફ વિયર** માટે **રૂ. ૧૭૩ કરોડ**ની સૈધ્ધાંતિક મંજુરી.
- **સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં** ક્ષાર પ્રવેશ નિવારણ માટેના કામો, દરિયાકાંઠાના ધોવાણ અટકાવવા માટેના કામો માટે **રૂ. ૯૮ કરોડ**ની જોગવાઈ
- **ઘેડ વિસ્તારમાં** પુરના પાણીના નિકાલ, સ્પ્રેન્ડીંગ કેનાલ, નદી ઊંડી ઉતારવાના કામો તેમજ પુર સંરક્ષણના કામો માટે **રૂ. ૩૭ કરોડ**ની જોગવાઈ

## ૪) મધ્ય ગુજરાતની વાત કરું તો,

- **વડોદરા જિલ્લાના** સાવલી તાલુકાના **પોઇચા ગામે** મહી નદી પર વિયર બનાવવાનું આયોજન કરેલ છે. જેના માટે **રૂ.૧૫૦ કરોડ** ની જોગવાઇ
- **સુજલામ સુફલામ સ્પ્રેડિંગ નહેર**ના આધુનિકીકરણ માટે **રૂ.૧૨૫ કરોડ.**
- અંદાજિત **રૂ.૭૯૪ કરોડ**ની **કપડવંજ, કઠલાલ, ગળતેશ્વર, બાલાસિનોર** વગેરે તાલુકાઓના સિંચાઇ વંચિત વિસ્તારમાં મહી નદી આધારીત **ઉદ્વવહન સિંચાઇ યોજના**ઓની કામગીરી માટે **રૂ.૧૨૦ કરોડ** ની જોગવાઈ.
- અંદાજિત રૂ.૧૭૮ કરોડની અરવલ્લી જિલ્લાના **વાત્રક જળાશય** આધારીત **ઉદ્વવહન સિંચાઇ યોજના** માટે **રૂ.૬૦ કરોડ**ની જોગવાઇ
- **હાથમતી જળાશય** આધારિત **ઉદવહન સિંચાઇ યોજના** માટે **રૂ.૩૫ કરોડ.**
- મહિ નદી પર સિંઘરોટ વિયરની હેઠવાસમાં **બદલપુર–કારેલી** વિસ્તારના લોકોની લાગણી અને માંગણીને ધ્યાને લઈ વિયર બાંધકામ બાબતે વિગતવાર સર્વેની કામગીરી હાથ ધરી યોગ્ય જણાયે આગળની કામગીરી કરવા વિચારણા કરવામાં આવશે.
- વર્ષો જુના તળાવો **ડીપનીંગ/રીનોવેશન** જેવા કામો સાથોસાથ આધુનિક નવીન ટેકનોલોજીના પ્રતિક સમાન **રબ્બર ડેમ**ના કામોનું આયોજન પણ હાથ ધરવામાં આવેલ છે.

## ૫) <u>દક્ષિણ ગુજરાતની વાત કરું તો,</u>

- **નવસારી જીલ્લામાં રૂ.૧૧૦ કરોડના** ખર્ચની **વિરાવળ–કસ્બાપાર** ખાતે **પૂર્ણા ટાઇડલ રેગ્યુલેટર** યોજના માટે **રૂ.૪૬ કરોડ**ની જોગવાઇ.
- **નવસારી જીલ્લાના** ગણદેવી તાલુકામાં **રૂ.૨૫૦ કરોડના** ખર્ચની **વાઘરેચ ટાઇડલ રેગ્યુલેટર** યોજના માટે **રૂ.૪૫ કરોડ** ની જોગવાઇ.
- **અંદાજિત રૂ.૭૫૦** કરોડના <u>દક્ષિણ ગુજરાત વિસ્તારમાં</u> તાપી નદી પર **બૅરેજ** બનાવવાની અને <u>**મિંઢોળા, ઔરંગા તથા દમણગંગા**</u> નદી પર દરિયા કિનારા નજીક **ટાઇડલ રેગ્યુલેટર** બનાવવાના કામો હાથ ધરવાનું આયોજન કરેલ છે.

## ૬) <u>આદિવાસી વિસ્તારની વાત કરું તો,</u>

- મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તાર જ્યાં અંતરિયાળ/પર્વતીય વિસ્તારોમાં પાણી પહોંચાડવુ મુશ્કેલ હતુ ત્યાં <u>**કડાણા જળાશય, પાનમ જળાશય, કરજણ જળાશય, કાંકરાપાર જળાશય**</u> અને <u>**ઉકાઇ જળાશય**</u> આધારીત <u>**૧૬ મોટી ઉદ્વહન**</u> યોજનાઓ **રૂ.૫૧૭૬ કરોડ**ના ખર્ચે સિંચાઇ સુવિધા આપવા માટે હાથ ધરેલ છે. આ પૈકી **૭ યોજનાઓ**ની કામગીરી પૂર્ણ કરેલ છે અને **૯ યોજનાઓના કામો** પ્રગતિ હેઠળ છે.
- પ્રગતિ હેઠળની **રૂ.૭૧૧ કરોડની તાપી–કરજણ લીંક પાઇપલાઇન** યોજનાના કામો માટે **રૂ.૨૨૦ કરોડની જોગવાઇ**.

- પ્રગતિ હેઠળની **રૂ.૧૦૨૦ કરોડના** ખર્ચે **ઉકાઇ** જળાશય આધારીત **સોનગઢ–ઉચ્છલ–નીઝર** ઉદ્‌વહન પાઇપલાઇન માટે **રૂ.૧૫૦ કરોડની** જોગવાઇ.
- **દક્ષિણ ગુજરાત**ના આદિવાસી વિસ્તારમાં **પૂર્ણા, અંબિકા, કાવેરી, પાર, નાર, તાન, દમણગંગા** વગેરે નદીઓ ઉપર **મોટા ચેકડેમો / બૅરેજો / વિયર** બનાવવા માટે **રૂ.૧૩૦ કરોડ**ની જોગવાઈ.
- **પંચમહાલ જીલ્લાની** પ્રગતિ હેઠળની પાનમ જળાશય આધારિત ઉદવહન પાઇપલાઇનો માટે **રૂ.૯૬ કરોડ**ની જોગવાઇ
- **મહીસાગર** જીલ્લાના **પાનમ જળાશય આધારીત** (વાંકડી ગામ પાસેથી) **સંતરામપુર તાલુકાના** ગામોના તળાવો ભરવા માટે અંદાજિત **રૂ.૧૩૩ કરોડની** ઉદ્‌વહન સિંચાઇ યોજના માટે **રૂ.૮૦ કરોડ**ની જોગવાઇ.
- **મહિસાગર જિલ્લાના** કડાણા જળાશય આધારીત **સરસડી ઉદ્વહન સિંચાઇ યોજના** માટે **રૂ.૩૫ કરોડની** જોગવાઇ.
- અંદાજિત **રૂ.૭૮ કરોડ**ની અરવલ્લી જિલ્લાના **મેશ્વો જળાશય આધારીત ઉદવહન સિંચાઈ યોજના** માટે **રૂ.૩૫ કરોડ**ની જોગવાઇ

## **૭) જળસંચયની કામગીરીની વાત કરું તો,**

- **સુજલામ સુફલામ જળ અભિયાન** અંતર્ગત છેલ્લા **૬** વર્ષમાં **કુલ ૯૮૨૩૪ કામો** હાથ ધરવામાં આવેલ છે, જે પૈકી મુખ્યત્વે તળાવો ઉંડા કરવાના/ નવા તળાવોના કામો, ચેકડેમ ડિસિલ્ટીંગના કામો તથા ચેકડેમ રીપેરીંગના કામો ઉપરાંત, નહેરોની તથા કાંસની સાફ સફાઇના કામો કરવામાં આવેલ છે.
- આ અભિયાન અંતર્ગત છેલ્લા **૬ (છ) વર્ષ**માં થયેલ કામોથી **જળ સંગ્રહશક્તિ**માં **કુલ ૧૦૭૬૨૧ લાખ ઘનફૂટ** જેટલો વધારો થયેલ છે.
- નવેમ્બર–૨૦૨૩ સુધીમાં જળસંપત્તિ વિભાગના કુલ ૯૪,૫૮૮ ચેકડેમો અને રાજ્યના અન્ય વિભાગોના **૯૨,૫૫૭ ચેકડેમો** મળીને **કુલ ૧,૮૭,૧૪૫** થી વધુ ચેકડેમોથી આશરે **૪,૫૧,૯૯૮ હેક્ટર** વિસ્તારને સીધી અને આડકતરી સિંચાઈના લાભ મળે છે.
- સમગ્ર રાજ્યમાં જળસંચયની કામગીરી માટે **રૂ.૨૩૬ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.

## **૮) સૂક્ષ્મ સિંચાઇની કામગીરી ની વાત કરું તો,**

- સિંચાઇમાં પાણીનો **કરકસરયુક્ત** વપરાશ થાય અને ઓછા પાણીથી વધુ ઉત્પાદન થાય તે માટે વધુમાં વધુ વિસ્તારને **સુક્ષ્મ સિંચાઇ** હેઠળ આવરી લેવા માટે **હયાત** તથા **નવી સિંચાઇ યોજનાઓમાં પ્રેશરાઇઝ્ડ ઈરીગેશન અને સુક્ષ્મ સિંચાઇ**ના કામોનુ આયોજન કરેલ છે, જે પૈકી સૌરાષ્ટ્ર વિસ્તારમાં **૧૦ સિંચાઇ યોજનાઓ**માં, કચ્છ વિસ્તારમાં **૬ સિંચાઇ યોજના**ઓમાં, દક્ષિણ ગુજરાત વિસ્તારમાં **૫ ઉદવહન સિંચાઇ યોજનાઓ**, મધ્ય ગુજરાત વિસ્તારમાં **૧ સિંચાઇ યોજના** અને ઉત્તર ગુજરાત વિસ્તારમાં **૫ સિંચાઇ યોજનાઓ**માં શરૂ કરવાનું આયોજન કરેલ છે જેના માટે **રૂ. ૪૦૩ કરોડ** ની જોગવાઇ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વિવિધ સભ્યશ્રીઓ દ્વારા વિવિધ જિલ્લાઓમાં ગ્રામ્ય અને છેવાડાના વિસ્તારને પુરતું પાણી પહોંચાડવા, જુના ડેમોના નવિનીકરણમ, સિંચાઈની વ્યવસ્થાઓમાં અથવા સિંચાઈ માટે પુરતું પાણી છોડવામાં પ્રશ્નો ઉઠાવી **કુલ ૦૭ (સાત)** જેટલી કાપ દરખાસ્તો રજુ કરવામાં આવેલ છે.

જળસંપત્તિ વિભાગ દ્વારા રાજ્યના દરેકે દરેક જિલ્લા અને તાલુકામાં ભલે તે **બનાસકાંઠા** હોય, **મહીસાગર** હોય કે **પાટણ** હોય તમામ જિલ્લાઓમાં જરૂરિયાત મુજબની સિંચાઈ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

આ સિંચાઈ યોજનાઓમાં પીવાના પાણીનો જથ્થો **અનામત** રાખ્યા બાદ સિંચાઈ માટે ઉપલબ્ધ થતા પાણી માટે ખેડૂતો, અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓને સમાવતી સિંચાઈ સલાહકાર સમિતિની બેઠકમાં નક્કી થયા મુજબ પાણી સિંચાઈ માટે આપવામાં આવે છે. સમગ્ર સિંચાઈ વિભાગની કામગીરીનો ચિતાર અહીં જે આપ્યો છે તે ધ્યાને લેતા **સિંચાઈ સુવિધા તંત્રની નિષ્ફળતાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી** અને સર્વે સદસ્યશ્રીઓને કાપ દરખાસ્તો પાછી ખેંચવાના વિકલ્પે આ **કાપ દરખાસ્તો રદ કરવા** અને **સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ** માટે રજૂ બજેટ માંગણી સર્વાનુમતે મંજૂર કરવા મારી વિનંતી છે.

......

**વર્ષ ૨૦૨૪-૨૫ નાં અંદાજપત્રમાં**

**પાણી પુરવઠા સદરની**

**માંગણી ક્રમાંક- ૬૭ પરની ચર્ચા માટે**

**માન. મંત્રીશ્રી(પાણી પુરવઠા)નું પ્રવચન**

**પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમા**

**તારીખ :     /૦૨/૨૦૨૪ નાં રોજ**

**સ્થળ: વિધાનસભાગૃહ**

**માનનીય અધ્યક્ષશ્રી,**

વર્ષ ૨૦૨૪-૨૫ ની પાણી પુરવઠા વિભાગની માંગણી ક્રમાંક – ૬૭ હેઠળ, મહેસૂલી ખર્ચ **રૂ. ૨૯૭ કરોડ** અને મૂડીગત ખર્ચ, **રૂ.૫૯૪૫ કરોડ** ની માંગણી ગૃહ સમક્ષ રજૂ કરતાં, મને આનંદ થાય છે.

પાણી પુરવઠા વિભાગ દ્વારા મેળવેલ સિદ્ધી, અને આગામી આયોજનની વાત કરું તે પહેલા, **૩૦ વર્ષ** અગાઉ ગુજરાત રાજ્યની પીવાના પાણી માટેની શું પરિસ્થિતિ હતી, જેના આપણે સૌ સાક્ષી છીએ.

**સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત** ના વિસ્તારોમાં દર વર્ષે દુકાળની પરિસ્થિતિ **સામાન્ય બાબત** હતી, અછતગ્રસ્ત જીલ્લાઓમાં અડધાથી વધારે ગામોને ટેન્કરથી પાણી આપવામાં આવતુ હતું, પાણીના **ટીપા ટીપા** માટે બહેનો દ્વારા બેડા યુદ્ધ થતા હત્તા. સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં આખે આખુ **ટેન્કરરાજ** અમલમાં હતું.

આવા સમયમાં ગુજરાતના તે વખતના **મુખ્યમંત્રીશ્રી અને હાલના યશસ્વી માન. પ્રધાનમંત્રીશ્રી** નરેન્દ્રભાઇ મોદીજીની **તકલીફમાં પણ તક શોધવાની, આપત્તિને અવસરમાં ફેરવવાની દિર્ઘદ્રષ્ટીથી,** પીવાના પાણીના ક્ષેત્રે એક અભૂતપુર્વ કામગીરી કરેલ છે. રાજ્ય સરકારે **છેવાડાના માનવીના કલ્યાણને** ધ્યાનમાં રાખીને, **રામ રાજ્યની વિભાવના** સાકાર કરી છે. જેનાંથી ગુજરાત દેશનું **મોડલ સ્ટેટ** બન્યુ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

પીવાના પાણીની જોગવાઈ, એ રાજ્યની પ્રાથમિક જવાબદારીઓમાંની **એક** છે. ગુજરાત સરકારે પીવાના પાણીની મર્યાદિત ઉપલબ્ધતાની સમસ્યાને દૂર કરવા માટે **અથાગ પ્રયાસો** કરી રહી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

**ગુજરાત,** એ **ભારત**નું **ગ્રોથ એન્જિન** છે. ગુજરાત સરકાર તેના તમામ નાગરિકોને પીવાલાયક પાણી ઉપલબ્ધ કરાવવા અને કૃષિ – ઉદ્યોગના આર્થિક વિકાસને વેગ આપવા માટે **પ્રતિબદ્ધ** છે. સરકારે આ દિશામાં, મહત્તમ **સરફેસ સોર્સ** આધારીત પાણીના ઉપયોગ માટેના સુદ્રઢ પગલાં લીધાં છે.

પાણી પુરવઠા વિભાગે રાજ્યની પાણીની અછતની સ્થિતિને **ટકાઉ ધોરણે** નિવારવાના લક્ષ્ય સાથે **"રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ"** બનાવવાની પહેલ કરી, તમામને પૂરતા પ્રમાણમાં પાણી સુનિશ્ચિત કરાવવા માટે મજબૂત માળખું બનાવવામાં આવ્યું છે.

**છેલ્લા બે દાયકામાં, ગુજરાત જળ સુરક્ષા અને જળ સંસાધનોના** કાર્યક્ષમ સંચાલન તરફની પહેલ માટે દેશમાં અગ્રેસર રહ્યું છે. રાજ્યમાં દુષ્કાળની પરિસ્થિતિમાંથી છૂટકારો મેળવવા માટે **પાણીના માળખામાં રોકાણ, લાંબા ગાળાની જળનીતિના અમલીકરણ, સ્થાનિક માળખાકીય સુવિધાઓ, પાણી પુરવઠા સેવાઓના સંચાલનમાં ગ્રામીણ સમુદાયોની ભાગીદારીને, પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્યમાં છેલ્લા **૨૨(બાવીસ) વર્ષથી** પીવાના પાણીના ક્ષેત્રમાં **અભૂતપૂર્વ કામો** થયેલ છે. રાજ્યમાં પાણી પુરવઠા ક્ષેત્રમાં **રૂ. ૨૦,૦૦૦ કરોડ** થી વધુ રકમના ખર્ચે રાજ્ય વ્યાપી **પાણી પુરવઠા ગ્રીડ** નું નિર્માણ થયેલ છે, જે થકી **૩૨૦૦ કી.મી. બલ્ક પાઇપલાઇન**નું નિર્માણ થયેલ છે.

આ **પાણી પુરવઠા ગ્રીડ** દ્વારા રાજ્યના **૧૮,૧૫૨ પૈકી ૧૪,૯૨૬ ગામો** તેમજ **૨૪૧ શહેરો** નર્મદા તથા અન્ય સરફેસ સ્ત્રોતથી જોડાયેલ છે, જે થકી સમગ્ર રાજ્યમાં **૩૫૨ જૂથ યોજનાઓ** હેઠળના **૧૪૩૨ હેડવર્ક/સબહેડવર્ક થકી ૪.૩૬ કરોડ** લોકોને દૈનિક **૩૨૦૦ એમ.એલ.ડી.** પાણી પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

**જલ જીવન મિશન અંતર્ગત** નલ સે જલ યોજના હેઠળ સપ્ટેમ્બર–૨૦૨૨ થી સપ્ટેમ્બર–૨૦૨૩ સુધી **૧૪૮૩ યોજનાઓ** પૂર્ણ કરી લોકોને ઘર આંગણે શુદ્ધ અને પૂરતું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. જયારે **રૂ. ૭૯ કરોડની ૧૩૫ યોજનાઓ**ની કામગીરી મંજૂર કરવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા નવીન **રૂ.૫૪૯ કરોડ** ની યોજનાઓનું લોકાર્પણ, **રૂ.૯૬૯ કરોડ**ની યોજનાઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા છેલ્લા એક વર્ષમાં પાણી પુરવઠાનાં વિવિધ કામો માટે **રૂ. ૯૦૫૦ કરોડ** ની ફાળવણી કરવામાં આવેલ છે.

રાજયમાં છેલ્લા એક વર્ષમાં **૮૯૯ ગામોને** સમાવેશ કરતી અંદાજીત કિંમત **રૂ.૧૨૩૮ કરોડની, ૨૫(પચીસ)** જૂથ પાણી પુરવઠા અને ફળીયા કનેક્ટીવીટી યોજનાઓ પૂર્ણ કરવામાં આવેલ છે. **સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લાઓમાં** ભવિષ્યની પીવાના પાણીની જરૂરીયાતને પહોંચી વળવા માટે **બોટાદ** જિલ્લામાં **રૂ.૩૭૬ કરોડ**નાં બલ્ક પાઈપલાઈનનાં કામો પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ **ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, બોટાદ, રાજકોટ, જૂનાગઢ અને પોરબંદર જિલ્લા માટે રૂ.૨૦૮૦ કરોડ** નાં બલ્ક પાઈપલાઈનનાં કામો પ્રગતિ હેઠળ છે.

**સમગ્ર સૌરાષ્ટ્ર - કચ્છ** વિસ્તારમાં પાણીની ઉપલબ્ધિની સુનિશ્ચિતતાના કારણે, આજે તે વિસ્તારથી લોકોનુ સ્થળાંતર અટક્યુ છે, તથા **ઔદ્યોગિક ક્રાંતિ** થયેલ છે,

ચાલુ વર્ષે, **૯ જૂથ યોજનાઓ**ના કામો પૂર્ણ કરેલ છે. જેમાં, **૩૮૮** ગામોનો સમાવેશ થયેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી, બજેટની મહત્વની જોગવાઈ આ પ્રમાણે છે...**

વર્ષ ૨૦૨૪-૨૫ માં રાજ્ય સરકાર દ્વારા કુલ **રૂ. ૬૨૪૨ કરોડ** ની જોગવાઈ, પાણી પુરવઠા યોજનાઓ માટે રાખવામાં આવી છે, જે માટે હું **માનનીય મુખ્ય મંત્રીશ્રીનો આભારી છું.**

**મુખ્ય યોજનાઓની વાત કરીએ તો...**

- **જલ જીવન મિશન** - માટે **રૂ. ૨૫૧૧ કરોડ** ગ્રામ્ય પાણી પુરવઠા યોજના માટે **રૂ. ૧૩૨૪ કરોડ**
- **નર્મદા કેનાલ આધારિત** પાણી પુરવઠા યોજના માટે **રૂ. ૮૮૫ કરોડ**
- **રીયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વૉટર** માટે **રૂ. ૧૦૦ કરોડ** ના ખર્ચે નવા STP.
- **ડિ-સેલીનેશન પ્લાન્ટ**ની સ્થાપના માટે **રૂ.૫૦૦ કરોડ** ની જોગવાઈ કરવામાં આવેલ છે. **રાજ્ય સરકાર દ્વારા,** આદિવાસી વિસ્તારોમાં ગ્રામ્ય આંતરિક પાણી પુરવઠા યોજનાઓ માટે **૧૦% લોકફાળાની રકમ ભરવાથી મુક્તિ** આપવામાં આવેલ છે. આવી જ રીતે, **અનુસૂચિત જાતિની ૪૦% કે ૨૫૦ થી વધુ વસ્તી** ધરાવતા ગામો માટે પણ લોકફાળામાંથી **મુક્તિ આપવા જાહેરાત** કરવામાં આવેલ છે.

## ‘જલ જીવન મિશન’ – ‘હર ઘર જલ યોજના’

ભારત સરકાર દ્વારા દેશના તમામ નાગરિકને **વર્ષ ૨૦૨૪ સુધીમાં**, **ઘરે-ઘરે શુધ્ધ પાણી** ઉપલબ્ધ થાય તે માટે માનનીય વડાપ્રધાનશ્રીએ **‘હર ઘર જલ’** યોજના જાહેર કરેલ છે અને **‘જલ જીવન મિશન’** હેઠળ **‘નલ સે જલ’** કાર્યક્રમ અંતર્ગત ગુજરાત રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં, તમામ ઘરોને નળ દ્વારા પીવાનું પાણી પુરુ પાડવા, માટેના જોડાણ આપવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આગળ જણાવ્યું તેમ, ભૂતકાળની **જળ વિષમતાથી શરૂ કરી, આજની જળસલામતી સુધીનો,** રાજ્યમાં પાણી પુરવઠાનો ઈતિહાસ રહ્યો છે.

અમારા વિભાગે રાજ્યની તમામ અમલી યોજનાઓની સમીક્ષા કરી, **વ્યકિત દીઠ ૭૦ લિટરમાંથી ૧૦૦ લિટર** પાણી મળી રહે તે માટે જ્યાં જરુરી જણાય ત્યાં સોર્સનો કાર્યક્ષમ ઉપયોગ થાય, તે મુજબ ફેરફાર કરેલ છે.

**ગ્રામ્ય પાણી પુરવઠા યોજના :**

- આગામી ત્રણ વર્ષમાં, ભૂગર્ભ જળ આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજનાના ગામોને તબક્કાવાર પાણીના સરફેસ સોર્સ આધારિત જુથ પાણી પુરવઠા યોજનના ભાગ તરીકે આવરી લેવાનું આયોજન કરેલ છે.
- રાજ્ય સરકાર, તમામ જિલ્લા તાલુકાને સરફેસ વોટર આધારીત કાયમી પાણી આપવા **સંકલ્પબદ્ધ** છે. આદિજાતિ વિસ્તારો કે, જ્યાં ઉપરના ગામડાઓમાં સરફેસ સ્ત્રોત નથી, ત્યાં બલ્ક લાઇન મારફતે સરફેસ સોર્સ ઉભા કરવાનો નિશ્ચય છે. જેના ભાગ રૂપે **રૂ. ૧૫૪૧ કરોડની ૧૪૩૦** ગામોને આવરી લેતી **૫(પાંચ) બલ્કપાઇપલાઈન યોજના** મંજૂર કરેલ છે.

## નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજના

- **<u>ઢાંકી અને નાવડા આધારીત</u>** સૌરાષ્ટ્ર કચ્છ વોટર ગ્રીડથી **૨૫૦૦** એમ.એલ.ડી ની કેપેસીટી છે તેમાં બોટાદ, ભાવનગર, જુનાગઢ, રાજકોટ, અમરેલી, પોરંબદર, ગીર સોમનાથ જીલ્લાઓ માટે ક્ષમતા સંવર્ધનના ઉદ્ધેશ્યથી નાવડા થી ચાવંડ – **<u>૮૫ કી.મી.</u>** બલ્ક પાઈપલાઈન, ઢાંકીથી નાવડા **<u>૯૭ કિ.મી</u>** પાઈપલાઈન અને ધરઈથી ભેસાણ સુધીની **<u>૬૩ કિ.મી</u>** પાઈપલાઈનના કામો પ્રગતિ હેઠળ છે.

- **<u>પીવાના પાણીનું માળખુ યોગ્ય અને સક્ષમ રીતે ચાલે તે સુનિશ્ચિત કરવા માટે અને યોગ્ય ગુણવતા વાળુ, પૂરતી માત્રામાં અને સમયસર રોજે રોજ પાણી વિતરણ સુનિશ્ચિત બને તે ઉદેશ્યથી, પાણીની ગુણવત્તા અને જથ્થાના મીટરીંગનો પ્રોજેક્ટનુ અમલીકરણ હાથ ધરવામા આવેલ છે.</u>**

## <u>આદિજાતિ વિસ્તારો માટે ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ</u>

આદિજાતિ વિસ્તારોમાં ભુતકાળનું માળખું હેન્ડપંપ આધારિત હતું, તેમાં બદલાવ કરી ઘરે ઘરે નળ ઉપલબ્ધ બને તે આશય થી છેલ્લા ત્રણ વર્ષમાં અમારી સરકારે આદિજાતિ વિસ્તારમાં વિવિધ કામોનું અમલીકરણ કરેલ છે. આદીજાતી વિસ્તારના **દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર અને વલસાડ**માં બલ્ક લાઈનના કામો હાલ પ્રગતિમાં છે. પરંતુ હાલ ટુંકા ગાળાની વ્યવસ્થાના ભાગ રુપે **સ્થાનિક સોર્સ - ભુગર્ભ જળ** આધારીત સ્ત્રોતો ઊભા કરવામા આવેલ છે.

## રીયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વૉટર:

ગુજરાત રાજ્ય દ્વારા તા. ૨૮-૦૫-૨૦૧૮ ના રોજ ગટરના શુદ્ધિકરણ કરાયેલા પાણીના પુન: ઉપયોગ અંગેની નીતિ જાહેર કરવામા આવેલ છે. આ નીતિનો ધ્યેય શુધ્ધ પાણીના જળસંશાધનો પરની નિર્ભરતા ઘટાડવાનું છે.

## ડીસેલીનેશન પ્લાન્ટસ :

- સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના છેવાડાના ગામોમાં પીવાના પાણીનો વૈકલ્પિક સોર્સ ઉભો કરી **સ્થાનિક વિસ્તારમાં જળસલામતિ પ્રદાન કરવા હેતુ**, દરિયાકાઠાંના કુલ ચાર સ્થળોએ સ્થાનિક જરૂરીયાત મુજબ દરીયાના ખારા પાણીમાંથી મીઠું પાણી બનાવવા માટે ૪ સ્થળોએ અનુક્રમે (૧) **ભાવનગર જીલ્લાના ઘોઘા** ગામે (નવા રતનપર) ૭ કરોડ લિટર, (૨) **ગીરસોમનાથ જીલ્લાના વડોદરા ઝાલા** ગામે ૩ કરોડ લિટર, (૩) **દેવભૂમી દ્વારકા જીલ્લાના ગાંધવી** ગામે ૭ કરોડ લિટર અને (૪) **કચ્છ જીલ્લાના માંડવી તાલુકાના ગુંદીયાળી** ગામે ૧૦ કરોડ લિટર આમ કુલ ૨૭ કરોડ લીટર દૈનિક ક્ષમતાના **"ડી-સેલીનેશન પ્લાન્ટ"** સ્થાપવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ પ્રોજેક્ટ થકી અછતની પરિસ્થિતીમાં સંપૂર્ણ પણે નર્મદા આધારિત રહેવાની જગ્યાએ દરિયાના પાણી થકી, પાણીની સુરક્ષાની બાબતમાં આ સરકારનું એક નિર્ણાયક કદમ છે.

**ગુજરાત ઘરવપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) અધિનિયમ ૨૦૧૯ નો હેતુ પાણીના અનીધીકૃત ઉપાડ અટકાવવાનો, પાણી પુરવઠાની આંતરમાળખાકીય સુવિધાને નુકશાન થતું અટકાવવાનો અને ઘર વપરાશની પાણી પુરવઠા વ્યવસ્થાનું સંરક્ષણ કરવાનો છે.**

## ઑડીટ કીટ અને તાલીમ :

- વોટર ઓડીટની જાગૃત્તિ લાવનાર ગુજરાત રાજય ભારતનું પ્રથમ રાજય બનેલ છે.
- રાજ્યમાં આઈ.ટી.આઈ કેન્દ્રો મારફત પ્રતિ બેચ **૨૫ ઓપરેટર** પ્રમાણે તાલીમ શરુ કરવામા આવેલ છે. સાથોસાથ તાલીમ પૂર્ણ થયા બાદ ઓપરેટર પોતાના ગામની યોજનાની મરામત અને જાળવણી સારી અને અસરકારક રીતે કરી શકે, તેમજ રોજ બરોજનું રીપેરીંગ સમયસર થઇ શકે તે માટે જુદા-જુદા સાધનો સાથેની **ટૂલકીટ** આપવામાં આવેલ છે.
- પાણી પુરવઠા પ્રભાગની સેવાઓને લગત ફરિયાદોના નિવારણ અર્થે **ટોલ ફ્રી હેલ્પલાઈન** નંબર **૧૯૧૬** કાર્યરત કરવામાં આવેલ છે તેમજ મુખ્ય કચેરી ગાંધીનગર ખાતે ૨૪ કલાકનો કંટ્રોલ રૂમ કાર્યરત છે.

આમ, **નવા ભારતના સ્વપ્નદ્રષ્ટા** અને ગુજરાતના પનોતાપુત્ર એવા દેશના **માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના ૨૦૧૯ થી ૨૦૨૪ સુધીમાં ૫ વર્ષમાં "હર ઘર જલ" ના સપનાને સિધ્ધ કરવા"** ના સંકલ્પને ગુજરાત રાજયએ પરિપૂર્ણ કરેલ છે અને માનનીય પ્રધાનમંત્રીશ્રીએ ગુજરાતના વિકાસનો જે રાજમાર્ગ કંડાર્યો છે, તેના ઉપર **વિશ્વાસ રાખીને**, છેલ્લા બે દાયકા કરતા વધુ **સમયથી**, ગુજરાતમાં સેવાભાવી સરકારની **જનહિત લક્ષી** કાર્યરીતિ, અને **જન કલ્યાણકારી નીતિ** ને, જનતાએ સાચા દિલથી સ્વીકારી, ગુજરાતની જનતાએ ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા છે, ત્યારે પાણી પુરવઠા ક્ષેત્રમાં વિવિધ આયોજનો માટેની જરૂરી જોગવાઈ વર્ષ ૨૦૨૪-૨૫ નાં અંદાજપત્રમાં સૂચવવામાં આવેલ હોઈ હું રાજ્યના પાણી પુરવઠા મંત્રી તરીકે **વિભાગની માંગણીઓ સર્વાનુમતે પસાર કરવા આ ગૃહને આગ્રહ કરૂ છું.**

# માનનીય મંત્રીશ્રી

# (અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગ)ના વર્ષ ૨૦૨૪-૨૫ માટેના અંદાજપત્રનું પ્રવચન

**માનનીય અધ્યક્ષશ્રી,**

**ગરવી** ગુજરાતનું **ગુણવંતુ** વિકાસતંત્ર અને **ગ્રીન** અર્થતંત્ર જે **ગ્લોબલ** અને **ગતિશીલ એટલે કે 5-G** રહે તેવી, નેમ સાથે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળ કામ કરી રહી છે ત્યારે, હું ગર્વ સાથે કહી શકું કે, ગરીબો અને વંચિતોની સેવા કરવી એ અમારી સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

આપણાં તત્કાલિન મુખ્ય પ્રધાન અને હાલનાં દેશનાં યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા **ખરા સમયે** ગરીબો અને વંચિતોને સહાયરૂપ થવા માટે છેવાડાનો માનવી પણ ભૂખ્યો ન રહે, તેવા હેતુસર **'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'** દ્વારા રાજ્યના અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો મળી સરેરાશ **૭૨ લાખ** કુટુંબોની, **સાડા ત્રણ કરોડ** જેટલી જન સંખ્યાને **છેલ્લા ચાર વર્ષમાં કુલ ૬૮ લાખ મેટ્રિક ટન જેટલું અનાજ વિનામૂલ્યે** પૂરૂં પાડ્યુ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આદરણીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા **"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"** ને **૧લી જાન્યુઆરી ૨૦૨૪થી વધુ પાંચ વર્ષ માટે** લંબાવવામાં આવેલ છે. જે રાષ્ટ્રની ખાદ્ય અને પોષણ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, સરકારની લાંબાગાળાની પ્રતિબદ્ધતા અને ઉદ્દેશ્યને દર્શાવે છે. આ માટે હું આદરણીય પ્રધાનમંત્રીશ્રીનો ફરી એક વખત આભાર વ્યક્ત કરૂં છું.

- મારા હસ્તકના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગે, ગુજરાત રાજ્યની છેવાડાની પ્રજાને ધ્યાનમાં રાખીને પૂરતી બજેટની જોગવાઇ કરી છે, ત્યારે **વર્ષ ૨૦૨૪–૨૫** નાં બજેટમાં આ વિભાગ માટે કુલ **૩.૨૭૧૧ કરોડ** ની માતબર રકમની જોગવાઇ કરવા બદલ, હું **માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને માન.નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ** નો ખૂબ ખૂબ આભાર માનું છું.

- અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગનો મુખ્ય ધ્યેય રાજ્યમાં **રાષ્ટ્રિય અન્ન સલામતી કાયદા (NFSA)** હેઠળ, પાત્રતા ધરાવતાં કુટુંબોની અન્ન સલામતી અને પોષણ સલામતી માટે, જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાહત દરે અનાજ અને અન્ય આવશ્યક ખાદ્યસામગ્રી પૂરી પાડી **'સર્વજન હિતાય, સર્વજન સુખાય'** સૂત્રને ચરિતાર્થ કરવાનો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- **અન્ન સલામતીની સાથે સાથે,** સામાન્ય લોકોને એલ.પી.જી., પેટ્રોલ અને ડીઝલ જેવી આવશ્યક ચીજ વસ્તુઓ સરળતાથી મળી શકે.
- **ઉપરાંત આ રાજ્યનો દરેક ગ્રાહક જાગૃત બને તે માટે ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે** વિભાગનો ઉદ્દેશ્ય, જનજાગૃત્તિ અને શિક્ષણ, કાયદાઓ દ્વારા ગ્રાહક સુરક્ષા અને સલામતી વધારવાનો છે.
- મારા વિભાગનું કામ કાયદા–કાનુન આધારિત પુરવઠાનું નિયમન કરવાનું, તથા કાયદો તોડીને કાળા બજાર કરનાર, કે ગ્રાહકોને છેતરનાર કાળા બજારિયાઓની અટકાયત કરી, કડકમાં કડક સજા કરવાની કાર્યવાહી કરવાનું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

**અન્ન, નાગરિક પુરવઠા વિભાગની યોજનાઓ તથા આ વર્ષની નવી બાબતોની વાત કરું તો,**

❖ **રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩ હેઠળ અનાજ વિતરણ બાબતે**

રાજ્યની કુલ **૩૮૨.૮૪ લાખની** વસ્તીને કાયદા હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરાયેલ છે. રાજ્ય સરકાર દ્વારા આ કાયદા હેઠળ **'અગ્રતા ધરાવતા કુટુંબ'** એટલે કે **પ્રાયોરીટી હાઉસ હોલ્ડ–PHH** તરીકે સમાવેશ કરવા માટે માસિક આવક મર્યાદા **રૂ. ૧૦,૦૦૦/–** થી **વધારી રૂ. ૧૫,૦૦૦/–** કરવાના રાજ્ય સરકારના નિર્ણય બાદ માહે: **ડિસેમ્બર–૨૦૨૩ની** સ્થિતિએ કુલ **૭૨ લાખ** કુટુંબોની **૩.૫૪ કરોડ** જન સંખ્યાને અન્ન સલામતી યોજનામાં અત્યાર સુધી આવરી લેવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

❖આ કાર્ય માટે મારા આ વિભાગે શ્રમ અને રોજગાર વિભાગ પાસેથી **ઈ-શ્રમકાર્ડ** ધારકોનો ડેટા મેળવીને, આવા શ્રમિકોને રેશનકાર્ડ ઈશ્યુ કરવાની અને પાત્રતા અનુસાર NFSA હેઠળ સમાવવાની કામગીરીનો આરંભ કરાયેલ છે.

❖આમ, રાજ્યમાં પાત્રતા ધરાવતા તમામ પરિવારો માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અનાજ વિતરણ કરવા માટે **રૂ. ૬૭૫ કરોડની માતબર** જોગવાઈ કરી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

❖**આજના આ 5-G નાં સમયમાં જાહેર વિતરણ વ્યવસ્થા માટે QR કોડ આધારિત SMART Ration Card તૈયાર કરવા,** મારા વિભાગે કાર્યવાહી હાથ ધરેલ છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦ થી રાજ્યના તમામ રેશનકાર્ડને ડિજિટલાઈઝડ કરવામાં આવેલ છે, જેમાં રેશનકાર્ડ ધારકોને **મેન્યુઅલના સ્થાને બારકોડ આધારિત** રેશનકાર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આગામી વર્ષે જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ સુદ્રઢ તથા નાગરિક કેન્દ્રીત બનાવવાના હેતુસર QR કોડ આધારિત SMART-Ration Card આપવા માટેની નવી બાબત અન્વયે **રૂ.૫.૪૪ કરોડની જોગવાઇ** કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

❖**ખાદ્યતેલના વિતરણ માટે** જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વર્ષના બે તહેવારો, **જન્માષ્ટમી અને દિવાળી** દરમ્યાન વાજબી ભાવના દુકાનદારો મારફતે તમામ **૭૨ લાખ** NFSA લાભાર્થી કુટુંબોને કાર્ડ દીઠ **૧ લીટર** સીંગતેલના પાઉચનું રાહત દરે **(રૂ.૧૦૦/પ્રતિ પાઉચના દરે)** વિતરણ કરવામાં આવે છે. આગામી વર્ષે ખાદ્યતેલ વિતરણ માટે **રૂ.૧૬૦ કરોડની જોગવાઈ કરી છે**.

**માનનીય અધ્યક્ષશ્રી,**

❖**<u>ડબલ ફોર્ટીફાઇડ મીઠાના વિતરણ</u>** માટે રાજ્યના તમામ **૭૨ લાખ** NFSA કુટુંબોને દર માસે કાર્ડ દીઠ **૧ કિ.ગ્રા. પ્રમાણે રૂ. ૧/- પ્રતિ કિ.ગ્રા.**ના રાહતદરે સૂક્ષ્મ પોષકતત્વો **(આયર્ન અને આયોડીન)** યુકત ડબલ ફોર્ટીફાઇડ મીઠાના વિતરણ માટે **રૂ.૫૧ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

❖**<u>ખાંડના વિતરણ માટે</u>** જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજ્યના **૮ લાખ જેટલા** અંત્યોદય લાભાર્થી કુટુંબોમાં રાહત દરે **રૂ. ૧૫ પ્રતિ કિલોના** રાહત ભાવથી વિતરણ કરવામાં આવે છે તદુપરાંત રાજ્યના **૨૩ લાખ** જેટલા બી.પી.એલ. લાભાર્થી કુટુંબોને પ્રતિ વ્યક્તિ **૩૫૦ ગ્રામ** લેખે ખાંડનું દર માસે **રૂ. ૨૨** પ્રતિ કિલોના રાહત ભાવથી વિતરણ કરવામાં આવે છે.

આ ઉપરાંત, વર્ષમાં આવતા **૨(બે)** તહેવારો **(<u>જન્માષ્ટમી અને દિવાળી</u>)** દરમિયાન પ્રતિકાર્ડ દીઠ <u>**૧ કિલો** ખાંડ</u>નું રાહત ભાવથી વિતરણ કરવામાં આવે છે. આમ, અંદાજિત <u>**૩૧ લાખ** અંત્યોદય તથા બી.પી.એલ.</u> રેશનકાર્ડ ધારકોને વિતરણ કરવા આગામી વર્ષ ૨૦૨૪-૨૫ માં <u>ખાંડના વિતરણ</u> કરવા માટે **<u>રૂ.૧૯૧ કરોડની જોગવાઈ</u> કરવામાં આવેલ છે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

❖ **ચણાના વિતરણ માટે** રાજ્યનાં **૭૨ લાખ** NFSA રેશનકાર્ડ ધારકોને પ્રોટીનયુકત પોષણક્ષમ આહાર પુરો પાડવાનાં હેતુસર કુટુંબદીઠ ૧ કિલો ચણાનું **રૂ. ૩૦/– રાહત દરે** વિતરણ કરવામાં આવે છે જેને બમણું કરી પ્રતિ કાર્ડ **૨ કી. ગ્રામ** ચણા નિર્ણય કરેલ છે જે માટે રાજ્ય સરકારે **રૂ.૪૨૧ કરોડની માતબર જોગવાઈ કરી છે**

આવી જ રીતે તમામ NFSA રેશનકાર્ડ ધારકોને પ્રતિકાર્ડ **૧ કિ.ગ્રા.** તુવેરદાળ **રૂ.૫૦/–** પ્રતિ કિ.ગ્રા.ના રાહત ભાવથી માસિક ધોરણે વિતરણ માટે **રૂ.૩૪૬ કરોડની માતબર જોગવાઈ કરવામાં આવેલ છે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

✓ **રાજ્યમાં લોકો** સ્વચ્છ ઇંધણ તરફ પ્રેરાય તે હેતુથી **પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના જુદા જુદા તબક્કો હેઠળ સમાવિષ્ટ ૩૮.૬૦ લાખ લાભાર્થીઓને** ઘરગથ્થુ વપરાશ માટે વર્ષમાં બે વખત વિનામૂલ્યે ગેસ સીલીન્ડર રીફીલીંગ કરી આપવા બાબતની યોજના હાલ અમલમાં છે જે માટે **રૂ.૫૦૦ કરોડની માતબર જોગવાઈ કરી છે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

- ✓ **શ્રી અન્ન એટલે કે મિલેટ**ના વપરાશને પ્રોત્સાહન આપવા તેમજ આહારમાં તેનો સમાવેશ કરવા તથા જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા **વિનામુલ્યે** વિતરણ માટે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં લઘુત્તમ ટેકાના ભાવે ખેડુતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી **બાજરી/જુવાર/ રાગી(નાગલી)**ની ખરીદી પર ખેડુતોને **રૂ.૩૦૦/-** પ્રતિ ક્વિન્ટલ **પ્રોત્સાહક બોનસ** ચુકવવા કરાયેલ નિર્ણયને રાજ્યના ખેડૂતો તરફથી ખુબ સારો પ્રતિસાદ મળેલ છે.
- ✓ ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ગત મે-જૂન-૨૦૨૩ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ૧૨૦૮૧ ખેડૂતો પાસેથી ૫૬.૬૪૫ મેટ્રિક ટન બાજરીની ખરીદી કરીને **રૂ.૧૫૦ કરોડ** ની ખેડૂત ખાતેદારોના બેંક ખાતામાં DBT દ્વારા સીધી ચુકવણી કરવામાં આવેલ છે.
- ✓ રાજ્ય સરકાર દ્વારા કરેલ બાજરી વિતરણનો નોંધ સમગ્ર દેશમાં લેવામાં આવેલ છે અને વપરાશ કરનાર લોકો તરફથી ખુબ સારો લોક પ્રતિસાદ મળેલ છે જેને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા આગામી વર્ષ ૨૦૨૪-૨૫ માટે અંદાજે **રૂ.૩૭ કરોડની જોગવાઇ** કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

❖ **<u>અન્ન નાગરિક પુરવઠા નિગમ હસ્તકનાં ગોડાઉન બાંધકામ / આધુનિકરણની કામગીરી અંતર્ગત</u>** ગોડાઉનો અદ્યતન અને વૈજ્ઞાનિક ઢબે બનાવવા માટે **રૂ. ૨૫ કરોડની જોગવાઈ.**

❖ **<u>વર્ષ ૨૦૨૪–૨૫ માં ટેકાના ભાવે ખરીદી માટે</u>** ખેડૂતોને રાહ ના જોવી પડે તે માટે સંભવિત ખર્ચ **રૂ.૬૦૦ કરોડ** જેટલી રકમ માટે ગુજરાત સ્ટેટ ફાઈનાન્સીયલ સર્વિસીઝ લિ. (G.S.F.S.) પાસેથી જરૂરિયાત મુજબ ૫.૭૫% ના વ્યાજદરે લોન પેટે લીધેલ નાણાના વ્યાજને પહોંચી વળવા, વર્ષ ૨૦૨૪–૨૫ માટે **રૂ.૧૭ કરોડની જોગવાઈ કરી છે.**

❖ **<u>જાહેર વિતરણ વ્યવસ્થામાં ટેકનોલોજી દ્વારા આધુનિકીકરણ અને સુધારા માટેની (SMARTPDS) યોજના અંતર્ગત</u>**

રાજ્ય સરકાર <u>ટેકનોલોજીનો મહતમ</u> ઉપયોગ કરીને જાહેર વિતરણ વ્યવસ્થાને વધુમાં વધુ પારદર્શક અને અસરકારક બનાવી રહેલ છે.

ભારત સરકાર દ્વારા કરવામાં આવતા દરેક પ્રકારના સુધારામાં સાથે રહીને, જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ <u>ડીજીટલાઈઝ</u> કરવા માટે આગામી વર્ષ માટે રાજ્ય સરકારના ફાળાપેટે **રૂ.૫ કરોડની જોગવાઈ કરી છે.**

❖ **<u>ઑટોમેટીક ગ્રેઈન ડિસ્પેન્સિંગ મશીન –"અન્નપૂર્તિ" અંતર્ગત</u>** જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના સમાવિષ્ટ સ્થળાંતરિત NFSA લાભાર્થીઓને તેઓને મળવાપાત્ર અન્ન પુરવઠો તેઓના ઈચ્છિત સમયે સરળતાથી ઉપલબ્ધ થાય, તે માટે <u>પાયલોટ પ્રોજેક્ટરૂપે</u> રાજયના **૨(બે) જિલ્લાના** ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં **ઑટોમેટીક ગ્રેઈન ડિસ્પેન્સિંગ મશીન –"અન્નપૂર્તિ"** એટલે કે **અનાજના ATM** કાર્યરત કરવા માટે **રૂ.૪૨ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.**

**માનનીય અદયક્ષશ્રી,**

- અન્ન, નાગરિક પુરવઠા તંત્ર ઉપરાંત **તોલમાપ તંત્રની સંપૂર્ણ કામગીરી ઓનલાઇન કરવા** કાનુની માપ વિજ્ઞાન તંત્રની સેવાઓ ઓનલાઇન માધ્યમથી મેળવી શકે તે હેતુથી E.O.D.B. **(ઈઝ ઓફ ડુઈંગ બિઝનેશ)** અંતર્ગત કુલ **૧૦** એપ્લીકેશનો રાજ્ય સરકારની **સિંગલ વિંડો સિસ્ટમ** હેઠળ ઓનલાઇન કરવામાં આવેલ છે જે માટે **રૂ. ૩.૫૦ કરોડની જોગવાઇ કરી છે.**
- રાજય ગ્રાહક તકરાર નિવારણ કમિશન હેઠળ ૧૫૦૦ થી વધુ કેસો હોય તેવા જિલ્લા કમિશનો ખાતે વધુ ૫ (પાંચ) એડિશનલ કમિશનની રચના કરવા **અંદાજે રૂ.૫ કરોડ**ની જોગવાઈ કરવામાં આવેલ છે.

**માનનીય અદયક્ષશ્રી,**

**ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની** આ સરકારે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી, રાજયના નાગરિકોની અન્ન સલામતી સુનિશ્ચિત કરવાનો નિશ્ચય કરેલ છે, ત્યારે રાજ્યનાં છેવાડાના માનવી સુધી અનાજની પારદર્શકતા, સરળતા અને ઝડપથી ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા, અમારો આ વિભાગ **કટિબદ્ધ** છે. વિકસીત ગુજરાતની નેમ સાથે અમારી સરકારનો એક જ મહામંત્ર છે,

**ગુજરાતની પ્રજાનું કલ્યાણ...., ગુજરાતની પ્રજાનું કલ્યાણ..... અને ગુજરાતની પ્રજાનું કલ્યાણ....**

મારા હસ્તકના વિભાગ દ્વારા થતી કામગીરીથી મેં આ સમ્માનીય સભાગૃહને વાકેફ કર્યુ છે. હું જે માંગણી લઈને આ ગૃહ સમક્ષ આવ્યો છું, તેને વિના વિરોધે, સર્વાનુમતે પસાર કરવામાં આવે, એ જ વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**ધન્યવાદ...**

**જય જય ગરવી ગુજરાત....વંદે માતરમ...ભારત માતા કી જય...**